# એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય દ્વારા સજીવ ખેતી તાલીમ કાર્યક્રમ યોજાયો

એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા તા. ૦૩ સપ્ટેમ્બર થી ૦૭ સપ્ટેમ્બર ૨૦૧૯ દરમ્યાન પાંચ દિવસીય સજીવ ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં સમગ્ર ગુજરાતના ૦૭ જીલ્લાના સજીવ ખેતીમાં રસ ધરાવતા ૫૯ ખેડુતોએ ભાગ લીધો હતો. ઉદ્ઘાટન સમારોહમાં માનનીય ડૉ. એમ. વી. પટેલ, આચાર્યશ્રી, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ઉપસ્થિત રહીને બદલાતી ખેતી પધ્ધતિઓમાં સજીવ ખેતી ની અગત્યતા અંગે વિસ્તૃત છણાવટ કરેલ. ખેડૂતોને સજીવ ખેતીનું સૈધ્ધાંતિક જ્ઞાન અને પ્રાયોગિક તાલીમ મળે તે ઉદ્દેશથી સજીવ ખેતી અંગેના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. સદરહુ તાલીમ કાર્યક્રમમાં વિવિધ સજીવ ખેતીના આયામો જેવા કે પોષણ વ્યવસ્થા, પાક સંરક્ષણ, ક્ષેત્રિય વ્યવસ્થા, ગૌઆધારિત ખેતી, સર્ટિફિકેશન પધ્ધતિ, બજાર વ્યવસ્થા વગેરે વિષયના નિષ્ણાતો દ્વારા સજીવ ખેતીમાં આવતી મુશ્કેલીઓ - સમાધાન - ઉકેલ ઉપર ખેડૂતો સમજી શકે તેવી શૈલીમાં વ્યાખાનો આપવામાં આવેલ જેથી ખેડુતોમાં સજીવ ખેતી તરફનો અભિગમ વધે અને રસાયણમુક્ત અનાજ – શાકભાજી - ફળ વગેરે ઉત્પાદન કરી આર્થિક વળતર મેળવી શકે.

સમારોહ કાર્યક્રમમાં સ્વામિનારાયણ મંદિર, વડતાલથી પધારેલ મુનિસ્વામી અને ઘનશ્યામસ્વામી ના હસ્તે પ્રમાણપત્ર તથા સજીવ ઈનપુટ સામગ્રી કીટ વિતરણ કરવામાં આવેલ હતું.

વધુમાં એગ્રોનોમી વિભાગના પ્રાધ્યાપક અને વડા ડૉ. બી. ડી. પટેલ દ્વારા ખેડુતોને સજીવ ખેતીની અગત્યતા અને તકો તેમજ તેને અપનાવવા માટે માર્ગદર્શન આપવામાં આવેલ. વધુમાં તેઓએ જણાવ્યુ કે સમયની માંગ અને ખેડુતોનો ઉત્સાહ જોતાં આ કાર્યક્રમ આગામી દરેક માસમાં આયોજન કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમને સફળ અને પરિણામલક્ષી બનાવવા માટે ડૉ. પી. એમ. પટેલ સહ પ્રાધ્યાપક અને વિભાગના કર્મચારીઓ દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન કરવામાં આવેલ, જેને તાલીમાર્થીઓએ હ્રદયપૂર્વક બિરદાવેલ.

# <u>સજીવ ખેતી તાલીમ કાર્યક્રમની ઝાંખી</u>

| | |
|---|---|
|  |  |
|  |  |
|  |  |